CRMA NO.2825/2026

**-: જામીન અરજી હેઠળ હુકમ :-**

**રાજકોટ શહેર ડી.સી.બી પોલીસ સ્ટેશન ગુના રજી. નં.- ૧૧૨૦૮૦૫૫૨૩૦૧૦૦/૨૦૨૩, (ફો.કે.નં-૧૩૨૬૬/૨૦૨૩) , જુગાર ધારા કલમ- ૧૨ મુજબના કામે આરોપી નં- (૩) જેલેમાન સાદેકભાઇ શેખ નાઓની જામીન અરજી હેઠળ હુકમ :-**

૧.જામીન અરજી વંચાણે લીધી તથા સાંભળ્યા. આરોપીના વિવ.શ્રી નાઓએ તેમની જામીન અરજીમાં જણાવેલ કારણો જણાવી વધુમાં એવી રજુઆત કરેલ છે કે આરોપીને જામીન મુકત કરવામાં આવે તો નાસી ભાગી જાય તેમ નથી. આરોપી સામેના ગુનાની સજાની જોગવાઇ મોત કે આજીવન કેદની નથી. હાલના કામના આરોપી મધ્યમ વર્ગના તેમજ ઘરમાં એકમાત્ર કમાનાર વ્યક્તિ છે. નામ. કોર્ટ ફરમાવે તેવી શરતો નુ પાલન કરવા તૈયાર હોઇ આરોપીને જામીન મુકત કરવા રજુઆત કરેલ છે.

૨.સરકાર તરફે સાંભળ્યા તેઓએ હાલની જામીન અરજી પર જામીન મુકત કરવા વાંધા લીધેલ છે.

૩.આરોપીઓની રજુઆત ધ્યાને લેતાં આરોપી સામે ના ગુનાની સજા મોત કે આજીવન કેદની નથી.હાલના કામના આરોપીને જામીન ઉપર મુકત કરવામાં આવે તો નાસી ભાગી જાય તેમ જણાતુ નથી. વધુમાં સંજય ચંદ્રા વિરૂધ્ધના કેસમાં સ્થાપિત કરેલ સિધ્ધાંત "જામીન એ નિયમ અને જેલ એ અપવાદ" ને ધ્યાને લેતાં તેમજ આરોપી તર્ફે તેમની જામીન અરજીમાં જણાવેલ કારણો તેમજ ઉપરોક્ત રજુઆત ધ્યાને લેતા આરોપીને જામીન પર મુક્ત કરવાનું ન્યાયોચીત જણાતુ હોઇ નીચે મુજબનો હુકમ ફરમાવવામાં આવે છે.

**-//હુકમ//-**

૧)આરોપીની હાલની જામીન અરજી મંજુર કરવામાં આવે છે.આરોપીએ રૂ. ૧૦,૦૦૦/ (અંકે રૂપીયા દસ હજાર પુરા) ના સધ્ધર જામીન તથા તેટલી જ રકમના જાત મુચરકા કરી આપેથી જામીન મુકત કરવાનો હુકમ કરવામા આવે છે.

(૨) આરોપીએ પોતાનુ તથા જામીનદારનુ કાયમી સરનામુ તથા હાલનું રહેઠાણનુ સરનામુ તેઓના મોબાઈલ નંબર સાથે રજુ કરવાનો હુકમ કરવામા આવે છે.

સદરહુ હુકમ આજ **તા.૧૧ મી માહે મે સને ૨૦૨૬** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કરેલ છે.

**સ્થળઃ– રાજકોટ**
**તા.૧૧/૦૫/૨૦૨૬**

**(જે.પી.ગોયલ)**
**નવમા એડી.જ્યુડી.મેજી.ફ.ક.**
**રાજકોટ.**
**GJ01773**